ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૮-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### મા, તુઝે સલામ...વંદે માતરમ્!

દેશ તો આઝાદ થતાં થઈ ગયો તેં શું કર્યું?

આજે દેશના ૬૭મા સ્વાતંત્ર્ય તંત્રી લેખના ટાઈટલ તરીકે મૂકવા માટે ગુજરાતના વિશ્વકવિ ઉમાશંકર જોશીની આ કટાક્ષપૂર્ણ પંક્તિઓ જ કેમ સૂઝે છે વારુ? કવિએ તો વર્ષો પહેલાં દેશની દુર્દશા નિહાળીને એમની વેદના વ્યકત કરતો આ સવાલ પૂછયો હતો. આ સવાલ ફક્ત કોઈ ખાસ વ્યક્તિને કે રાજકારણીને પુછાયો હોય એવું પણ નહોતું. કવિ આ સવાલ કદાચ પોતાની જાતને જ પૂછે છે. એ રીતે આ પ્રશ્ન સ્વતંત્ર બનેલા રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકને ઢંઢોળે છે. આઝાદી તો મળી ગઈ. ચાલો, એક મહત્ત્વનું કામ સંપન્ન થઈ ગયું. દેશ ગુલામીની સાંકળમાંથી મુક્ત થયો. જેના સામ્રાજ્યમાં સૂરજ કયારેય આથમતો જ ન હતો એવા બ્રિટિશ રાજનો અંત આવ્યો. પરંતુ તતઃ કિમ્?- પછી શું? અંગ્રેજોને હટાવી દેવાથી જ ભારતવર્ષનું ખોવાયેલું ગૌરવ પાછું મળી ગયું? એની જગજૂની જ જગદ્‌ગુરુ તરીકેની કે સોનપંખેરુ વાળી પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત થઈ ગઈ?- એવું તો થોડું બની શકે! એક જમીનદોસ્ત થઈ રહેલા ખંડેરને ફરી પાછું ટટ્ટાર, ઉન્નત મસ્તક ઈમારતમાં ફેરવવાનું કામ ધારીએ એટલું સહેલું તો નહોતું જ. ચર્ચીલની કાળવાણી ખોટી પાડીને આપણે દુનિયાના ચોકમાં એક શક્તિશાળી, સંપન્ન લોકશાહી રાષ્ટ્ર તરીકે નવી ઓળખ ઊભી કરવાની હતી. એ જવાબદારી એકલાં સરકારની પણ નહોતી. પ્રત્યેક નાગરિકે દેશના ઘડતરમાં યથાશક્તિ ફાળો આપવાનો હતો. શું આ પવિત્ર ફરજમાં આપણએ ઊણા ઊતર્યા હોઈએ એવું નથી લાગતું? નેતાઓ આખરે તો લોકોમાંથી જ ચૂંટાઈને જતા હોય છે. 'યથા રાજા તથા પ્રજા' વાળું સૂત્ર હવે ફેરવવું જ રહ્યું: જેવી પ્રજા હશે તેવા જ નેતાઓ હોવાના. એટલે આ ભ્રષ્ટાચાર જેવી રાષ્ટ્રવ્યાપી સમસ્યાના મૂળમાં એકલા નેતાઓ કે અધિકારીઓ જ છે, એમ નહીં. પ્રજા પોતે પણ ભ્રષ્ટ માનસિકતા ધરાવે છે, જેના પરિણામ સ્વરૂપે નેતાઓ અને પ્રશાસકો ભ્રષ્ટ બની શકે છે. પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું હોય તો એવા નેતાઓ ચૂંટાય જ નહીં અને આવા અધિકારીઓને આકરી સજા થાય. એને ઠેકાણે આપણે ત્યાં બધું લોલેલોલ ચાલતું રહે છે. ખુદ ન્યાયતંત્ર પણ ક્યાં દૂધે ધોયેલું છે? આઝાદી મેળવવા ઘણાં બલિદાનો આપવાં પડ્યાં હતાં પરંતુ આપણા રાજકીય પક્ષો માટે હવે સ્વંતત્રતા કરતાં સત્તા જ વધુ મહત્ત્વનું વાનું બની રહેલ છે. કૂતરાં-બિલાડાંની જેમ અથવા દેવીપૂજકોના પંચની જેમ આપણી સંસદમાં જે પ્રકારની લડવાડ જોવા મળે છે અને સત્તા પ્રાપ્તિ માટે જે જુઠ્ઠાણાંથી ભરપૂરુ પ્રચારલીલા- ભાંડણલીલા જોવા મળે છે તે આપણી પ્રજા તરીકે હેસિયત બતાવે છે. પ્રજાનાં નૈતિક મૂલ્યોની જાળવણીને એ મહાત્મા ગાંધી, વિનોબા અને રવિશંકર મહારાજ જેવા નિસ્પૃહ લોકનેતાઓ માટે ચિંતાનો વિષય હતો. મહાત્મા ગાંધીએ અંગ્રેજ પત્રકારને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે મારે મન આ દેશની સૌથી મોટી સમસ્યા છે ભણેલાંઓની 'હૃદયશૂન્યતા'. આપણો શિક્ષિત સમુદાય એકાંગી બની ગયો છે એને સગા ભાઈની પણ ન પડી હોય ત્યાં દેશના છેવાડે પડેલા ગરીબ 'સર્વહારા'ની ચિંતા તો હોય જ ક્યાંથી? છેલ્લા સાડા છ દાયકા દરમિયાન દેશમાં પ્રગતિ અને વિકાસ ઘણો થયો છે પરંતુ એની લગોલગ ભ્રષ્ટાચાર પણ એટલો જ ફાલ્યો ફૂલ્યો છે. લોકો અધિકારો પ્રત્યે જાગ્રત બન્યા છે પરંતુ ફરજ પ્રત્યે તદન બેદરકાર છે. રાષ્ટ્રની સીમાઓ સલામત નથી. કમનસીબી તો જુઓઃ આપણે સાત સમંદર પારના અમેરિકા જેવા દેશ સાથે મૈત્રી કેળવી શકયા છીએ પણ આપણા શેઢાપાડોશી જેવા ચીન સાથે મધુર સંબંધો કેળવી શક્યા નથી. એ સાચું કે પાકિસ્તાન અને ચીન કે આપણા જ બગલબચ્ચા જેવા બાંગ્લાદેશ, નેપાળ-ભુતાન અને માલદીવ કે શ્રીલંકામાં સતત ભારત વિરોધી વાતાવરણ સર્જાતું રહ્યું છે. વિશ્વની મહાસત્તાઓને ભારત નિરંતર સમસ્યાઓથી ઘેરાયેલું રહે એમાં રસ છે. આવા વિકટ સંજોગોમાં આપણી આંતરિક સમસ્યાઓને પણ ઉંબાડિયાં ચાંપવાનું કામ આપણા દુશ્મન દેશો કરતા રહે, તે સ્વાભાવિક છે. છતાં મંદીનો માર ખમીને પણ આપણી કમ્મર ટટ્ટાર રહી શકી હોય તો તે માટે આપણા દીર્ઘદ્રષ્ટ્રા વડાપ્રધાન અને ચિદંબરમ્ જેવા કુનેહબાજ નાણાંપ્રધાન અભિનંદનના અધિકારી ગણાવા જોઈએ. જો કે મોંઘવારીને ડામવામાં મોરારજી દેસાઈ પછીની આપણી કોઈ પણ સરકારને ધારી સફળતા નથી સાંપડી તે પણ કબૂલવું જ રહ્યું. એક ઊજળા ભવિષ્યના નિર્માણ માટે હજી ઘણું બધું કરવાનું બાકી છે. ચાલો, સહિયારો પુરુષાર્થ આદરીએ.

# ગુજરાતના પંચાયતી રાજમાં ૧.૩૦ લાખ સભ્યોનો સિંહ ફાળો

## વિકાસના પાયામાં રાજકીય સ્થિરતા, લોક ભાગીદારી અને રાજકીય ઈચ્છાશકિત એમ ત્રણ પાયા છે, ચોથા ભાગે રાજયનું વહીવટી તંત્ર આવે છે

(ગૌતમ પુરોહિત દ્વારા)

ભારતે સ્વરાજયથી સુરાજય લાવવું હશે તો પંચાયતી રાજનો અસરકારક અમલ કરવો પડશે. ૬૭ ટકા વસતી જેની ગામડામાં વસે છે તે દેશના ગામડાનો વિકાસ કરવા અથાગ પરિશ્રમ કરવાની આવશ્યકતા છે, કારણ કે હિન્દુસ્તાનની પહેચાન તેના ગામડાં અને ખેતી છે. પંચાયતી રાજ મુખ્યત્વે ભારત, પાકિસ્તાન અને નેપાળમાં આવેલી દક્ષિણ એશિયાઈ રાજકીય પ્રથા છે. પંચાયત શબ્દ પાંચ (પંચ) અને વિધાનસભા (આયત) પરથી આવ્યો છે. પંચાયત એટલે સ્થાનિક સમુદાય દ્વારા પસંદ કરાયેલા પાંચ વડીલોનો સમૂહ. આ એક એવી પ્રથા છે જયાં ગ્રામ પંચાયતો વહીવટનું મૂળભૂત એકમ છે. પંચાયતમાં ગામ, તાલુકો અને જિલ્લો એમ કુલ ત્રણ સ્તરો છે.

પંચાયત રાજ શબ્દ બ્રિટિશ રાજ દરમિયાન ઉદભવ્યો હતો. રાજનો શાબ્દિક અર્થ શાસન અથવા સરકાર થાય છે. મહાત્મા ગાંધીએ પંચાયતી રાજની હિમાયત કરી હતી કે જયાં દરેક ગામ પોતાની બાબતો માટે જવાબદાર હોય, આવા હેતુ માટે ગ્રામ સ્વરાજય એવો શબ્દ પ્રયોજયો હતો. કાયદો પસાર થતાં રાજય સરકારો દ્વારા પંચાયતી રાજની પદ્ધતિ ૧૯૫૦ થી ૧૯૬૦ના દસકામાં અપનાવવામાં આવી છે. ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓનો અમલ ૧લી એપ્રિલ ૧૯૬૩થી ચાલુ છે, ત્યારબાદ ભારત સરકાર દ્વારા ૧૯૯૩માં ૭૩મો સુધારો થતાં રાજય સરકારે ૧૯૯૩ના કાયદા મારફતે અમલ શરૂ કર્યો છે.

સ્વાયત્ત પંચાયતોના કારણે ગ્રામીણ ભારત વધુ શકિતશાળી અને મજબૂત બની રહ્યું છે. સત્તાના વિકેન્દ્રીકરણ માટેની દિશામાં સ્થાનિક સ્તરે લોક પ્રતિનિધિઓને ચૂંટી કાઢવાની પ્રક્રિયા દ્વારા સત્તાના વિકેન્દ્રીકરણ માટે આ સંસ્થાઓ મહત્વની સાબિત થઈ છે. ગુજરાતમાં મહિલા સશકિતકરણ માટે પંચાયત મહિલા શકિત અભિયાનનો આરંભ પણ કરવામાં આવ્યો છે જેથી વધુને વધુ મહિલાઓને પંચાયત ક્ષેત્રે સક્રિય બનાવવામાં આવી છે.

ગુજરાતમાં એવી પણ ગ્રામ પંચાયતો છે કે જેનાથી સરકારને ગૌરવ થાય છે. કાંકરેજ તાલુકાની નેકારીયા ગ્રામ પંચાયત એક એવી પંચાયત છે કે જયાં પંચાયતી રાજની સ્થાપના પછી માત્ર ૨૦૦૨માં એક વખત જ ચૂંટણી થઈ છે. આટલા વર્ષોથી આ ગ્રામ પંચાયત બિનહરીફ રહે છે. ગામમાં સંપની ભાવના છે. ગામ લોકો ચૂંટણીના ખર્ચા બતાવે છે. આ ગામમાં મહિલા અનામતનું પ્રમાણ ૩૩ ટકા કે ૫૦ ટકા નહીં, ૧૦૦ ટકા છે. આઠ સભ્યોના માળખામાં બધી સભ્યો મહિલા છે, કોઈ પુરુષને સત્તા નથી.

ગુજરાતમાં ૨૬ જિલ્લા પંચાયતોમાં ૯૦૦, ૨૨૩ તાલુકા પંચાયતોમાં ૪૩૯૭ અને ૧૩૭૮૩ ગ્રામ પંચાયતમાં ૧,૨૨,૯૪૭ સભ્યો કાર્યરત છે. આમ કુલ મળીને ૧,૨૮,૨૪૪ સભ્યો પંચાયતી રાજ સંસ્થામાં યોગદાન આપી રહ્યાં છે. ગુજરાતમાં બે નાણાપંચ બની ગયાં છે હવે ત્રીજું નાણાપંચ રચાયેલું છે જેની ભલામણો આવે એટલે પંચાયતી રાજની વ્યવસ્થામાં વધારે વિકેન્દ્રીકરણ કરવાની દિશામાં આગળ વધી શકીશું. પંચાયતોને વધારે પાવર આપવા કાઉન્સિલની રચના પણ કરવામાં આવી છે.

ગુજરાતમાં લોકનાયક જયપ્રકાશ નારાયણની જન્મજયંતિના દિવસે ૧૧મી ઓકટોબર ૨૦૦૧માં ગ્રામસભાઓ શરુ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૨૦ તબક્કાઓમાં યોજાયેલી ૨,૮૪,૮૬૧ ગ્રામસભાઓમાં ૪.૨૨ કરોડથી વધારે ગ્રામજનોએ લાભ લીધો છે અને ૧૦ લાખ જેટલા પ્રશ્નોની રજૂઆતો આવી છે જેમાંથી ૯૭ ટકા જેટલા પ્રશ્નોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો છે. સર્વ સંમતિથી ચૂંટાયેલી પાંચ હજાર સુધીની વસતી ધરાવતી સમરસ ગ્રામ પંચાયતને બે લાખ અને પાંચ હજારથી વધારે વસતી ધરાવતી સમરસ પંચાયતને ત્રણ લાખ પ્રોત્સાહક રકમ આપવામાં આવ છે એવી જ રીતે પાંચ હજાર સુધીની વસતી ધરાવતી મહિલા સમરસ પંચાયતને ત્રણ લાખ અને પાંચ હજારથી વધારે વસતી ધરાવતી સમરસ મહિલા પંચાયતને પાંચ લાખની રકમ આપવામાં આવે છે.

પ્રથમવાર સમરસ થયેલી ગ્રામ પંચાયતમાં ધોરણ-૮ ન હોય તેને ધોરણ-૮ની સ્કૂલ અગ્રતાના ધોરણે અપાય છે ને બીજી વાર સમરસ થયેલી પંચાયતને ૨૫ ટકા વધુ અનુદાન અને સીસી રોડની સુવિધા અપાય છે. જો કોઈ ગ્રામ પંચાયત ત્રીજી વાર સમરસ થાય તો તેને બીજીવારના પ્રોત્સાહક અનુદાનમાં ૨૫ ટકા વધારાનું અનુદાન તથા સોલર સ્ટ્રીટલાઈટની વધારાની સુવિધા અપાય છે. ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૩૬૨ મહિલા ગ્રામ પંચાયતો સહિત ૧૦,૭૯૩ ગ્રામ પંચાયતો સમરસ બની છે, જે ગુજરાતમાં જ નહી, હિન્દુસ્તાનમાં એક ઈતિહાસ છે. આ ગામોને સરકારે ૧૩૫ કરોડના પ્રોત્સાહક અનુદાન આપ્યાં છે.

ગુજરાતમાં હાલ ૩૩ ટકા મહિલા અનામત છે. કેન્દ્રના કાયદા પ્રમાણે ૫૦ ટકા મહિલા અનામતનો લાભ આપવાનું બીલ ગુજરાત સરકારે વિધાનસભામાં પસાર કરી દીધું છે પરંતુ ગુજરાતના રાજયપાલે તેને અત્યાર સુધી મંજૂર કર્યું નથી. આ મંજૂરી નહીં મળવાથી ગુજરાતમાં ૫૦ ટકા મહિલા અનામતનો કાયદો લાગુ કરી શકાયો નથી. ગુજરાતના ગ્રામીણ જીવનમાં ગુનાખોરીનો આંક નીચો રહે તે માટેના પ્રયાસો પણ કર્યા છે. તીર્થગ્રામ (જે ગામમાં પાંચ વર્ષ સુધી કોઈ ગુનો નોંધાયો ન હોય..)પાવનગામ (જે ગામમાં ત્રણ વર્ષ સુધી કોઈ ગુનો નોંધાયો ન હોય..) ની સ્કીમ મૂકી છે જેમાં તીર્થગ્રામને બે લાખ ને પાવન ગામને એક લાખની ગ્રાન્ટ આપવામાં આવે છે. રાજયમાં ૧૦૮૩ ગામોને આ લાભ મળ્યો છે.

### દેશના દુશ્મનોનો જવાબ સાંઈરામની એક કવિતા દ્વારા

## આની હારે હોય નહીં હવે વાતું !



આની હારે હોય નહીં હવે વાતું !
આને તો નકશામાંથી ભૂંહી જ નંખ્યા
પછી ભલેને જે થાવું હોય તે થાતું!
આપણઆં જવાનોના માથા વઢાય તોંય આપણે બીછાવવાની જાજમ?
ભાઈચારો ખાલી શું આપણએ જ રાખીને ચાવ્યા કરવાની આ ચીંગમ?
ગદ્દારો માફક શું પત્તર રગડો છો? નથી સામી છાતી કાં લડાતું?
આની હારે હોય નહીં હવે વાતું
લાલ કિલ્લા માથેં ઈનેતા ફરકાવે શું પછી તમે લેશો સૌ પગલા?
કાં તો પછી આજથી જ સરહદ પર મોકલો સાંસદના સાળાને સગલા;
દિવસમાં ત્રણવાર પોતે પડે છે એની પાંહે છે ગૃહખાતું.
આની હારે હોય નહીં હવે વાતું.
પરેડમાં મોટી મોટી મિસાઈલો ખાલી શું રાજી થાવાની બસ જોઈને?
સામસામા બાધવાનું મુકોને બાધવાના ઠેકાણે પડો હાથ ધોઈને;
શહિદોની વિધવાઓ- બચ્ચાઓ જોઈને કોઈને કાંઈ નથી થાતું?
આની હારે હોય નહીં હવે વાતું.
'વંદેમાતરમ્' જેને ગાવું ન હોય એને દફન કરતાં નહીં આ દેશમાં;
વતનની વફાદારી જેમાં ન હોય એને મોકલી દ્યો ઉપર રિષેસમાં;
'સાંઈરામ'નું'ય આ કાળજું બળે છે અમથું કાંઈ નથી આ લખાતું?
આની હારે હોય નહીં હવે વાતું.
આને તો નકશામાંથી ભૂંહી જ નંખાય પછી ભલેને જે થાવું હોય ઈ થાતું.

- સાંઈરામ દવે



આઝાદી બાદ આપણા દેશનાં વિકાસનો અંદાજ મને જોઈને લગાવો.. પહેલા હું તમારા જેવો જ હતો...!!

## અખંડ ભારત

ભારત આઝાદ થયું તેની ના નહીં
પણ અખંડ ન રહ્યું તેનો અફસોસ છે
વેદ-વેદાંતને પુરાણોના અખંડ ભારત
ના પડ્યા ભાગલા તેનો અપસોસ છે
વીર શહિદોની શહાદત આઝાદી લાવી
પણ કાફીરો ભાગ પડાવી ગયા તેનો
હર ભારતવાસીઓને અફસોસ છે એનો
દિલ અને દિમાગના તેજ કિરણોથી
જોમ અને જુસ્સાથી, સ્વાભિમાન થકી
સૌ એક થઇ ખમીર આપણું બતાવીએ
મનભેદ, મતભેદ, ભુલાવી સૌ એક થઇ
ગર્વભેર અખંડ ભારતને વંદન કરીએ

- મહેન્દ્ર ચૌહાણ

## સતત એવું લાગ્યા કરે છે!

શહાદત જતી હોય એળે, સતત એવું લાગ્યા કરે છે,
વિવાદોમાં રચ્યા રહેતા, નેતાઓ ક્યાં જાગ્યા કરે છે!
નિવેદનો પણ એમના, કમજોર કરે છે જવાનોને-
સરહદના આ સંત્રીઓને, શબદ બાણ વાગ્યા કરે છે!
લાશ પાડે કે પછી, જાય માથું વાઢી એને-
નકશા પરથી દો ઉડાડી, વિચાર એવા આવ્યા કરે છે!
રાષ્ટ્ર પર્વને આપી મહત્તા, સફાઇ છો રસ્તાની થાતી,
સફાઇ સાથી જરૂરી સફાયો, ગદ્દારો અહીં ફાવ્યા કરે છે!
લોહી ગયું જે ઉકળી એને, ના ઠારવા દેશો હવે,
માર્ગ જડબાતોડ જવાબોનો, 'શરમાળ' સમજાવ્યા કરે છે!

- જગદીશ ગોર 'શરમાળ'

●●●●●



ઊંચે લહેરાય, ઊંચે લહેરાય,
ઝંડો ત્રિરંગી ઊંચે લહેરાય.
શાંતિના પાઠ સદાય શીખવતો,
કોઈથી પાછો કદી ન હટતો,
સૌથી ઊંચે એ ફરકાય,
ઝંડો ત્રિરંગી ઊંચે લહેરાય.
ડંકો વગાડતો ચારેય દિશામાં,
શાન બઢાવતો દુનિયાના દેશોમાં,
ભારતનો મહિમા ગાય,
ઝંડો ત્રિરંગી ઊંચે લહેરાય.
લીલો, સફેદ અને કેસરી રંગ છે
હરિયાળી, શાંતિ, ક્રાંતિના ગુણ છે,
મધ્યે ચક્ર કેવું સોહાય
ઝંડો ત્રિરંગી ઊંચે લહેરાય.
શીખ, ઈસાઈ, હિન્દુ કે પારસી,
મુસ્લિમ હો કે બંગાળી ભારતી
સૌનો માનીતો ગણાય,
ઝંડો ત્રિરંગી ઊંચે લહેરાય.



- શરદ દવે, અમરેલી

# જુલમશાહીનો પ્રતિકાર કરવો એ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા બરાબર છે

**"જે દિવસની અમે રાહ જોતા હતા તે તું છે ? આવ,**
**જેની આશાનો પાલવ દૂધમલ શહિદો તથા**
**પવિત્ર રક્તથી રંજિત, તે તું છે? આવ,**
**આવ હે સુદિન અને મુક્તિ તણા!"**

ભારતના ઈતિહાસમાં આ દિવસ સુવર્ણીય અક્ષરે અંકિત છે. આ દિવસે આપણો દેશ આઝાદ થયો. જેની વર્ષોથી રાહ જોતા હતા એ મુક્તિનો દિવસ આવી ગયો. નવલોહિયાની શહીદી સાર્થક બની. પૂજ્ય ગાંધી બાપુનો પુરૂષાર્થ ચરિતાર્થ થયો. ૧૫મી ઓગષ્ટની મધ્યરાત્રીએ ભારતનો તિરંત્રી રાષ્ટ્રધ્વજ લાલ કિલ્લા પર લહેરાઇ ગયો. "હજારો વર્ષ જૂની આપણી આ વેદના" નો અંત આવ્યો. મા ભારતી ગુલામીની જંજીરોમાંથી મુક્ત થઈ. અંગ્રેજોએ ભારતના કિનારાને સલામ કરી અને સ્વદેશ તરફ પ્રયાણ કર્યું. લોકો આનંદથી ઘેલા બની ઊઠ્યા. કેટલાય વર્ષો બાદ લોકશાસન સ્થપાયું. લોકોનું, લોકો માટે અને લોકો વડે ચાલતું શાસન આવ્યું. ભારત લોકશાહી દેશ બન્યો. ત્યારથી આ દિવસ રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવાતો આવે છે.

શણ, હૂક, ક્ષત્રિયો, ગુર્જરો, અરબો, પઠાણો, તુર્ક અને મોગલોનાં ધાડાં ને ધાડા પૂરની જેમ ભારત પર ધસી આવ્યાં. બધાને ભારતે સમાવી લીધાં. જે ભારત ભૂમિ કૃષ્ણ, મહાવીર, બુદ્ધ અને અકબરના ખમીરથી તેજસ્વી બની હતી તે બે સૈકા સુધી ધૂંધળી બની રહી - અંગ્રેજોની હકૂમતથી. આજે એ ધુમ્મસ દૂર થયું, સ્વતંત્રતાનો સૂર્યોદય થયો. જેની વર્ષોથી રાહ જોતા હતા તે સુદિન આવી ગયો. પરંતુ જે ખરેખર ઈચ્છતા હતા તે જ સુદિન છે. પરંતુ જે ખરેખર ઈચ્છતા હતા તે જ સુદિન છે? દેશ તો આઝાદ થઈ ગયો પણ લાંચ, રૂશ્વત, સત્તાદોર, મામા-માસીના, કાળાબજાર, વસ્તીવધારો, બેકારી અને મોંઘવારીએ મર્યાદા વટાવી, સ્વાતંત્ર્યની કિંમત હરપળે ચૂકવવી પડી રહી છે.

૧૫મી ઓગસ્ટની ઉજવણી દર વર્ષે અનેક વિધ કાર્યક્રમોથી ભરચક રહે છે. સરકાર તેમજ ખાનગી સ્તરે અનેકવિધ કાર્યક્રમો યોજાય છે. 'વંદે માતરમ્' અને 'જનગનમન' વિજયી વિશ્વ તિરંગા પ્યારા જેવા ગીતોના બુલંદ સ્વરોથી વાતાવરણ આ દિવસે ગૂંજીગાજી ઊઠે છે. જયહિંદ, ભારત માતા કી જય અને આઝાદી અમર રહો ના ગગનભેદી નાદ પોકારાય છે. શહિદોને અંજલિ અપાય છે. સ્વાતંત્ર્ય સૈનિકોનાં ભથ્થા વધારવામાં આવે છે. દેશપ્રેમનાં ગીતોનાં કાર્યક્રમો થાય છે. રાષ્ટ્રીય મુશાયરા, ડાયરા, નાટકો યોજાય છે. આ બધું હરહંમેશ થતું આવ્યું છે. પરંતુ આજે દેશ કે દેશપ્રેમની ભાવનાની તો જાણે ખોટ સાલી રહી છે.

સામાન્ય રીતે ૧૫ મી ઓગસ્ટના દિવસે સરકાર, શાળા-મહાશાળા, બેંકો, મિલો વગેરેમાં જાહેર રજા રખાય છે. દરેક શહેર-નગરમાં ધ્વજવંદન થાય છે. જે તે રાજયપાલને લશ્કર તરફથી સલામી અપાય છે. દિલ્હીમાં લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રીનું પ્રવચન પણ તે જ વખતે પ્રસારિત થાય છે. ચોમેર આનંદ-ઉલ્લાસ છવાય છે, શાળાઓમાં નિબંધ, રંગોળી, વક્તૃત્વ વગેરેની સ્પર્ધાઓ યોજાય છે, પ્રભાત ફેરીઓ નીકળે છે, કાંતણના કાર્યક્રમો પણ યોજાય છે. ટીવી મીડિયા પર જોરદાર કાર્યક્રમો અને દેશભક્તિની ફિલ્મો રજૂ થાય છે, નેતાઓ ઠેર ઠેર પ્રવચનો આપે છે, રાત્રે જાહેર મકાનો પર વિધવિધ પ્રકારની રોશનીથી શહેરને ઝગમગતું રખાય છે, પાર્ટીઓ અને મહેફીલો જામે છે પણ રાષ્ટ્રીય ભાવના કયાં દેખાય છે?

આ દિવસ આપણને સતત એ વાતની યાદ અપાવે છે કે કેટલાય માડીજાયાઓએ કુરબાની આપી છે ત્યારે આ મહામુલી આઝાદી આપણને સાંપડી છે. આઝાદીને સંભાળવાનું કામ હવે આપણી યુવાપેઢીનું છે. આપણને

## આવો, સૌ સાથે મળી ઉજવીએ સ્વાતંત્ર્ય દિન

### પ્રસંગસર

- હર્ષદ શાહ

વિરાસતમાં લોકશાસન ખૂબ સહેલાઈથી પ્રાપ્ત થઈ ગયું અને આથી જ આઝાદી માટેનાં સંગ્રામની વાતોનું મહત્ત્વ સમજાયું નથી. વીર ભગતસિંહ, ખુદીરામ બોઝ, પ્રફુલ્લ ચાકી, ચંદ્રશેખર આઝાદ, વીર સાવરકર, સુભાષચંદ્ર બોઝ, લોકમાન્ય તિલક, લાલા લજપતરાય જેવા સ્વાતંત્ર્ય વીરો અને પૂજ્ય ગાંધીજી તથા સરદાર પટેલ જેવા સપૂતો વિષેની માહિતી શાળા-મહાશાળામાં હંમેશા અપાવી જોઈએ, જેથી દેશપ્રેમનાં મૂળિયા ત્યાંથી જ દૃઢ બને. સ્વાતંત્ર્યને નામે સ્વચ્છંદતા ન આવે, લાંચ-રૂશ્વત કે ભ્રષ્ટાચારને મોકળાશ ન મળે, આતંકવાદ, ભ્રષ્ટાચાર, માફિયાગીરી અને કાશ્મીરના પ્રશ્નો દેશનાં વિકાસને રૂંધી રહ્યાં છે. આજે જરૂર છે દેશને પ્રેમ કરનાર અને દેશને સાચવનાર - રખેવાળોની આઝાદી મેળવવી સહેલી છે પરંતુ તેને પચાવવી અઘરી છે.


એ જ આશા રાખવાની કે આપણું હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદ બની રહે - સ્વાતંત્ર્ય દિને એ જ બંદગી!

આ પ્રસંગે નીચેના સ્વાતંત્ર્યવીરોની જે માહિતી અપાઈ છે તેવા અન્ય સપૂતોની - સ્વાતંત્ર્ય સેનાનીઓની માહિતી શાળાકક્ષાએ પ્રાર્થના સભામાં અવારનવાર આપવી જોઈએ. શિક્ષણ બોર્ડના જૂન-૨૦૧૩ ના 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ' અંકમાં રજૂ થયેલ સ્વાતંત્ર્યભાવના અંગેનો મારો લેખ આ સાથે વાંચી જવા પણ વિનંતી છે.

**(૧) ખુદીરામ બોઝ**

**(જન્મ : ઇ.સ. ૧૮૯૦ ● નિધન : ૧૧-૦૮-૧૯૦૮)**

કાન્તિદળના નેતાએ જયારે ૧૭ વર્ષના એ નવજુવાનને પૂછ્યું કે 'તમે કરી શકશો આ કઠોર સાધના? આ સહેલું કામ નથી અને અંગ્રેજો તમને બાળક જાણી છોડી પણ નહિં મૂકે. જાણો છો આનું પરિણામ શું આવશે?' ત્યારે જવાબમાં નવજુવાન ખુદીરામ બોઝે એટલું જ કહેલું : 'ગુરૂદેવ! આશીર્વાદ આપો. દુનિયામાં કોઈ કામ અસંભવ નથી. મૃત્યુદંડ મળશે તો હું એને વરદાન



સમજીશ. મારા જીવનનું લક્ષ્ય એ જ છે અને સાધના પણ એ જ છે અને પછી ગુરૂના આશીર્વાદ લઈને, જવાબદારીની પૂર્ણ સભાનતા સાથે, પોતાના મિત્ર પ્રફુલ્લ ચાકીને સાથે દઈ, રિવોલ્વર અને બોંમ્બથી સુજ્જન થઇ ઘાતકી અંગ્રેજ અમલદાર કિંગ્સફોર્ડનો હિસાબ ચૂકતે કરવા તેઓ ઉપડ્યા. બધી યોજના ગણતરીપૂર્વકની હતી અને તૈયારી પણ પૂરેપૂરી હતી છતાં ભળતાં રંગની અને સરખો દેખાવવાળી શ્રીમતી કેનેડીની ગાડીને છબરડો વાળતાં ખરો શિકાર હાથમાંથી છટકી ગયો અને દુશ્મનના હાથમાંથી જીવતા પકડાયા કરતાં મરી જવું સારૂં એમ સમજીને પ્રફુલ્લ ચાકીએ આત્મહત્યા કરી અને સતત ૨૫ માઈલ સુધી દોડ્યા કરીને અત્યંત થાકી ગયેલા અને વહેલી સવારે પકડાઇ ગયેલા ખુદીરામ બોઝ ૧૧ ઓગસ્ટે હસતાં હસતાં ફાંસીના માંચડે લટકી ગયેલા.'

બંગાળના રાષ્ટ્રવાદીઓ માટે શ્રી ખુદીરામ બોઝની શહિદી આદરણીય અને અનુકરણીય બની ગઈ. વિદ્યાર્થીઓ અને અન્ય લોકોએ તેમની શહિદીના માનમાં સ્કૂલો, કૉલેજો અને દુકાનો બંધ રાખીને શોક પાળ્યો, તેમની છબીઓ દેશભરમાં વહેંચાઈ. બંગાળી નવયુવકો એવી ધોતી પહેરતા થઇ ગયા અને જેના પર ખુદીરામનું નામ અંકિત હતું. હાથમાં ભગવદ્ ગીતા રાખીને અને મુખેથી ત્રણ વાર 'વંદે માતરમ્' ના નારા લગાવીને ફાંસી પર ચડી જનાર આ જવાંમર્દની અંતિમ ઈચ્છા મુજબ એમની લાશ એમના વડીલ કાલિદાસ બોઝને સોંપવામાં આવી, જેમણે એમના મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યો. ધન્ય છે એમની શહાદતને!

**(૨) માદામ ભીખાઇજી કામા**

**(જન્મ : ૨૪-૦૯-૧૮૬૧ ● મૃત્યુ : ૧૩-૦૮-૧૯૩૬)**

ઈ.સ. ૧૯૦૭ ની ૧૮, ઓગસ્ટે સ્ટટગોડમાં મળેલી વિશ્વ સમાજવાદી કોંગ્રેસમાં, જુદા જુદા દેશોના લગભગ હજાર જેટલા પ્રતિનિધિઓ એકઠા મળેલા ત્યારે, સર્વ દેશોમાં રાષ્ટ્રધ્વજો સાથે ઊભો રાખવા માટે હિંદ તરફથી બ્રિટનના યુનિયન જેકને બદલે ભારતનો સર્વપ્રથમ રાષ્ટ્રધ્વજ યોજીને રજૂ કરનાર તરીકે જેમનું નામ ભારતનાં ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત છે તે માદામ ભીખાઈજી કામાના એ પ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજમાં મથાળાના લાલ પટ્ટામાં એક કમળફૂલ અને સપ્તર્ષિ મંડળમાં સાત તારકોનું આલેખન હતું, વચલા સફેદ પટ્ટામાં 'વન્દે માતરમ્' અક્ષરો હતા અને નીચેના લીલા પટ્ટામાં સૂર્ય અને બીજતારક હતા. ૭૫ વર્ષની જૈફ વયે એ સન્નારીનું ૧૩ ઓગસ્ટ, ૧૯૩૬ માં નિધન થયું હતું.

મુંબઈના જાણીતા વેપારી સોરાબજી ફરામજી પટેલ અને શ્રીમતી



જીજીભાઈ પટેલ જેમનાં માતાપિતા હતા તે ભીખાઈજીના હૃદયમાં બાળપણથી જ દીનદુખિયાની સેવાના અને દેશની સ્વતંત્રતાના કોડ હતા. અભ્યાસકાળથી જે તેઓ રાજકીય અને સામાજિક સેવાનાં કાર્યોમાં ઓતપ્રોત રહેવા લાગ્યાં.

લંડનમાં પ્રખર કાન્તિકારી શ્યામજી કૃષ્ણ વર્માનો પરિચય થતાં માદામ કામાના હૃદયમાં જલતો સ્વતાંત્ર્ય-અગ્નિ વધુ પ્રજ્જવલિત બન્યો. લંડમાં તેમણે તેજાબ જેવા સડસડતાં વ્યાખ્યાનો આપવા માંડ્યા તેથી ઉકળી ઊઠેલી અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરવાનું નક્કી કર્યું. પરંતુ અગાઉથી જાણ થઇ જતાં તેઓ પેરીસ ઉપડી ગયા. અહીં લાલા હરદયાલ અને વીર સાવરકર જેવા ક્રાંતિકારીઓનો સાથ મળતાં તેમની પ્રવૃત્તિઓને ભારે વેગ મળ્યો. ૧૯૦૫ માં તેમને જીનીવાથી 'વંદે માતરમ્' સાપ્તાહિક શરૂ કર્યું. ભારતની મુક્તિ માટે સક્રિય કામ કરનારી 'અભિનવ ભારત' સંસ્થાના તેઓ અગ્રણી કાર્યકર બની ગયા. છેલ્લે છેલ્લે, બ્રિટીશ સરકારે તેમને ભારતમાં આવી કોઇ પણ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ ન લેવાની અને વ્યાખ્યાનો ન કરવાની શરતે જ હિંદની ભૂમિ પર પગ મૂકવાની રજા આપી.

પાંત્રીસ વર્ષ સુધી પરદેશમાં ભારતીય સ્વાતંત્ર્ય યજ્ઞની જ્વાળા પ્રજ્જવલિત રાખનાર અન્ય ગુજરાતી વિરાંગના, ભારતનાં આદ્ય ક્રાન્તિકારી અને તેજસ્વી નારીરત્ન માદામ ભીખાઈજી કામાનું ભારતમાં કોઈ જ સ્મારક નથી; માત્ર પેરીસમાં એક કબ્રસ્તાનમાં એમનું એક સ્મારક છે, જેના પર તેમના જીવનના નિચોડરૂપ તથા તેમની સ્વાતંત્ર્ય ભાવનાને મૂર્તિમંત કરતું એક જ વાક્ય લખેલું છે : 'જુલમશાહીનો પ્રતિકાર કરવો એ ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવા બરાબર છે'